# ઉર્દૂ ભાષાને જીવંત રાખવામાં મદ્રસાઓ અને બોલિવુડનું મહત્ત્વનું યોગદાન






## પ્રો. હમીદાબાનુ ચોપરાના સહયોગથી આઈઆઈટી ગાંધીનગરમાં મૌલાના આઝાદ ચેર ઈન ઉર્દૂનો પ્રારંભ

### ઉર્દૂ એક ધર્મની ભાષા હોવાનો ભ્રમ ફેલાવાય છે પરંતુ ભાષા સંવાદ માટે હોય વિવાદ માટે નહીં : પ્રો. અખ્તરૂલ વાસે



પ્રો. હમીદાબાનુ ચોપરા

અમદાવાદ,તા.૩

આઈઆઈટી ગાંધીનગરમાં મૌલાના અબુલ કલામ આઝાદ ચેર ઈન ઉર્દૂનો પ્રારંભ શનિવારે સાંજે કરવામાં આવ્યો હતો. પ્રોફેસર હમીદાબાનુ ચોપરા અને અનિલ ચોપરા આવેલા ફંડ દ્વારા શરૂ કરવામાં આવેલા મૌલાના અબુલ કલામ આઝાદ ચેરના ઉદઘાટન પ્રસંગે હાજર રહેલા ઈસ્લામિક સ્કોલર અને મૌલાના આઝાદ વિશ્વ વિદ્યાલય જોધપુરના ચાન્સેલર અને પ્રોફેસર એવા અખ્તરૂલ વાસેએ જણાવ્યું હતું કે ઉર્દૂ ભાષા આજે દેશમાં જીવંત છે અને જેના તરફ લોકો આકર્ષિત છે તે માટે બોલિવુડનો આભાર માનવો જોઈએ. મદ્રસા અને બોલિવુડ ઉર્દૂ ભાષાને જીવંત રાખવાની સેવા કરી રહ્યા છે. ઉર્દૂ ભાષા માત્ર એક ધર્મની ભાષા છે. તેવો ભ્રમ ફેલાવવામાં આવે છે. પરંતુ ખરેખર એવું નથી. ઉર્દૂ તમામ લોકોની ભાષા છે. ભાષા સંવાદ માટે હોય છે. વિવાદ માટે નથી હોતી. આ વાત માનીને ચાલીએ તો દેશમાં ભાષાને લઈને કોઈ વિવાદ જ નહીં રહે. એમ કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં પ્રો. અખ્તરૂલ વાસેએ જણાવ્યું હતું. શનિવારે આઈઆઈટી ગાંધીનગરમાં યોજાયેલા કાર્યક્રમમાં મૌલાના આઝાદ નેશનલ ઉર્દૂ યુનિવર્સિટીના ચાન્સેલર ફિરોઝ બકત અહેમદ, પદ્મશ્રી એવોર્ડ હાંસલ કરનારા સૈયદા સૈયદીન હમીદ, આઈઆઈટીના ડાયરેકટર અને પ્રોફેસર સુધીર જૈન, પ્રોફેસર અમિત પ્રશાંત સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. ત્યારે



પદ્મશ્રી સૈયદા હમીદ

આઈઆઈટી ગાંધીનગરમાં મૌલાના આઝાદના નામે ઉર્દૂ ચેર બનાવવા બદલ પ્રોફેસર અખ્તરૂલ વાસેએ પ્રો. જૈનનો આભાર માનતા કહ્યું હતું કે મૌલાના આઝાદના વિચારોને લીધે જ સૌથી વહેલી આઈઆઈટી ખડગપુરમાં બની હતી. ત્યારે તેમની યાદમાં ચેર પણ આઈઆઈટીમાં બને અને જેનો ઉપયોગ ઉર્દૂ ભાષા માટે થાય તે માટે અમારા જેવા ઉર્દૂ શિક્ષણવિદો પ્રો. જૈન અને હમીદાબાનુનો જેટલો આભાર માને એટલો ઓછો છે. વધુમાં પ્રો. વાસેએ મૌલાના આઝાદની વાતોને યાદ કરતા કહ્યું હતું કે, 'હિન્દુ-મુસ્લિમ એકતાને છોડવા કરતા હું સ્વરાજને છોડીશ' આ મૌલાના આઝાદના નિવેદનને આજે આપણા દેશના લોકોએ સમજીને જીવનમાં ઉતારવું જોઈએ. તો તમામ સમસ્યાઓનો ઉકેલ આવી જશે. મૌલાના આઝાદ ઉર્દૂ ચેર બનાવવા માટે જેમનો મહત્વનો ફાળો છે. જેવા હમીદાબાનુએ પ્રાસંગિક પ્રવચન આપતા કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૧માં જયારે ગાંધીનગર આઈઆઈટીમાંથી ઉર્દૂ ભણાવવા માટે ફોન આવ્યો ત્યારેથી હું આઈઆઈટી સાથે જોડાઈ છું. આઈઆઈટી મેનેજમેન્ટનું માનવું હતું કે વિદ્યાર્થીઓ ટેકનિકલ ક્ષેત્રમાં જો આગળ વધી રહ્યા છે. પણ તેમના માનવતાના મુલ્યો ઓછા થતા જાય છે. એટલે ઉર્દૂ ભાષા ભણાવવાની શરૂઆત કરી જો કે, શરૂઆતમાં ઉર્દૂના કલાસમાં



પ્રો. સુધીર જૈન

વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હતી. પરંતુ ત્યારબાદ ઉર્દૂનો જાદુ એવો આવ્યો કે બીજા વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા નોંધપાત્ર વધી ગઈ. તેમાં પણ વિદ્યાર્થીઓની ઉર્દૂ ભણવાની ધગશને જોઈને ઉર્દૂ ભણાવવા માટે હેલ્થની તકલીફ હોવા છતાં સતત ભણાવવાનું ચાલુ રાખ્યું હતું. જો કે, આઈઆઈટીના સ્ટાફ મેમ્બરોનો પણ એટલો જ સહયોગ મળ્યો છે. ત્યારે અહિંયા મૌલાના આઝાદના નામે એક ચેર બને તેવું વિચાર્યું હતું. જે કામ આજે પુરૂ થયુ છે. જેમાં આઈઆઈટીના સુધીર જૈન તરફથી પણ મને ખુબ જ મદદ મળી છે.

આ પ્રસંગે પદ્મશ્રી સૈયદા સૈયદીન હમીદે મૌલાના આઝાદને યાદ કરતા કહ્યું હતું કે હું નાની હતી ત્યારે મેં મૌલાના આઝાદને જોયા હતા. તેમની ૧૦૦મી જન્મજયંતીએ તેમના ઉપર ચાર પુસ્તકો લખ્યા હતા. જો કે આજની પેઢીનો મૌલાના આઝાદ વિશે કંઈ જ ખબર નથી. ત્યારે આજની પેઢીને તેમના વિશે બતાવવાની જરૂર છે. તેમનું માઈન્ડ એન્સાઈકલોપીડિયા જેવું હતું. મૌલાના આઝાદ નેશનલ ઉર્દૂ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ફિરોઝ બકત અહેમદે મૌલાના આઝાદે શિક્ષણ માટે આપેલા યોગદાન ઉપર પ્રકાશ પાડયો હતો. ઉપરાંત તેમણે કહ્યું હતું કે, મૌલાના આઝાદ સ્વાંતત્ર્ય સેનાનીની સાથે હિન્દુ-મુસ્લિમ એકતાના હિમાયતી હતા. મારા માટે મૌલાના આઝાદની લખવાની સ્ટાઈલ મીરઝા ગાલિબ જેવી હતી. તેમણે મૌલાના આઝાદની સાદગીનાં એક કિસ્સો ટાંકતા કહ્યું હતું કે જયારે એક તકરીરના કાર્યક્રમમાં મૌલાના આઝાદ શેરવાની પહેરીને જતા હતા. ત્યારે તેમના ખાદીમે તેમની શેરવાનીમાં થીંગડુ હોવાનું કરીને તેને બદલવા કહ્યુ હતું. ત્યારે મૌલાનાએ કહ્યુ હતું કે લોકો મારી તકરીર સાંભળવા આવશે. મારી શેરવાની કોણ જોશે ?

આઈઆઈટીના ડાયરેકટર પ્રો. સુધીર જૈને પ્રવચન આપતા કહ્યું હતું કે, અમારી સંસ્થામાં ટેકનિકલ શિક્ષણની સાથે વિદ્યાર્થીઓને સારૂ વ્યકિતત્વ નિખરવાનો અમે પ્રયાસ કરી રહ્યા છીએ. એટલે અમે ઉર્દૂ ભણાવવા માટે હમીદાબાનુનો સંપર્ક કર્યો અને કહ્યું કે તમે વિદેશમાં ઉર્દૂ ભણાવો છો. તો આપણા



પ્રો. અખ્તરૂલ વાસે

દેશમાં પણ લોકોને ઉર્દૂ ભણાવો. મારી વાતને માન આપીને તેઓ અહિંયા ભણાવવા માટે આવ્યા. શારીરિક તકલીફ હોવા છતાં હમીદાબેને હોશભેર ઉર્દૂના ચાર કોર્સ શરૂ કર્યા. હમીદાબેન અને અનિલ ચોપરાએ આભાર માનીશ. તેમજ હમીદાબેનનો ઉર્દૂ ભણાવવાનો હોસલો કાબીલે તારીફ છે. આમ સમગ્ર કાર્યક્રમના અંતે આઈઆઈટીના વિદ્યાર્થી કરિશ્મા ગુપ્તા, ભારતી, એદતેશામ, અને પ્રોફેસર અતુલ દિક્ષિત તથા પ્રોફેસર અનિલ ચોપરાએ ઉર્દૂની મહેફીલ જમાવી શેરો શાયરી, નજમથી માહોલને ખુશનુમા બતાવી દીધો હતો.

**Title:** Madresas and Bollywood's contribution significant in keeping alive Urdu language
**Source:** Gujarat Today (Pg. no. 12)
**Link:** http://www.gujarattoday.in/wp-content/uploads/2019/02/GUJARATTODAY-E-PAPER-04-FEB-2019.pdf
**Date:** 04-02-2019